


"...અરે સાહેબ આજે બેંકો ચાલુ છે કે બંધ છે ?"

"કોણે તમને કહ્યું કે બેંકો બંધ છે ? બસ ચલાયે જ રાખો છો ચલાયે જ રાખો છો."

"ના સાહેબ, ના એવુ નથી. છેલ્લા દોઢ મહિનાથી મેસેજ ઉપર મેસેજ ફોનમાં જોવા મળતા હતા કે સતત ચાર દિવસ બેંકો બંધ રહેવાની છે. તમે તમારૂ કામ પતાવી લેજો હોં."

"આમાં જ દાટ વળે છે. જોતા નથી આ ચોટલીકાંડનું કેવું-કેટલુ ચાલે છે..?"

"...હેં એ બધુ ખોટુ છે. રોજ સમાચારોમાં આવે છે ને કે અહીંથી ચોટલી કપાઈ ને...તહીંથી ચોટલી કપાઈ. આ સાવ હળાહળ જુઠ્ઠુ છે, અફવા છે અફવા..."

"ના હોય સાહેબ, ના હોય. બિહાર અને ઉત્તરપ્રદેશમાં ચોટલીકાંડના સમાચાર સાવ ખોટા અને હવે ગુજરાતમાં પણ..."

"...હા ભાઈ હા ખોટા-ખોટા, ખોટા, કોણ ચોટલી કાપે ? અને શુ કરવા કાપે ? મને સમજાવો તો ખરા ?"

"એમાં અરાજકતા ફેલાવવાનો, ભય ફેલાવવાનો આશય હોઈ શકે..!"

"...હા તમે કહો છો એ સાચુ. પણ એ કોઈક એકાદ વિસ્તારની વાત હોય તો માની શકાય. આ તો એક દિવસ બિહારમાં તો બીજા દિવસે નોયડામાં, ત્રીજા દિવસે ઉત્તરપ્રદેશમાં અને આજકાલ ગુજરાતમાં... આમાં કોઈ તર્ક જ નથી."

"તો સાહેબ આ કરે છે કોણ અને આ ફેલાવે છે કોણ ?"

"જો ભાઈ, આપણા સમાજમાં તો ગણપતિએ દૂધ પીધુ અને બધા આખી રાત જાગ્યા. આ ઘટનાની આપણને ખબર છે ? આ કોણે કર્યુ, શુ કર્યું, કેમ કર્યું, એનો કોઈ જવાબ હજુ સુધી કોઈને મળ્યો નથી..!"

"હં... એટલે 'વા વાયો અને નળીયુ ખસ્યુ...' જેવો ખેલ છે. એટલે આને અફવા કહીએ, અંધશ્રદ્ધા કહીએ કે જે કહીએ તે. પણ સમાજને ભ્રમિત કરવાનુ કોઈ કાવતરૂ હોય એવી ગંધ ચોક્કસ આવે છે હો...!"

"ના સમજાયુ સાહેબ..!"

"જો તને સમજાવુ. સમાચારોમાં જ્યારે જ્યારે પ્રજાનો રોષ છવાતો હોય ત્યારે એવુ કંઈક ઈકડ્મ-તિકડ્મ તરતુ મુકાય એટલે બધાનુ ધ્યાન એવી ચર્ચાઓમાં કેન્દ્રીત થાય. અને ચોરે ને ચૌટે 'તિડકમ્ ટોક ઓફ ધ ટાઉન' બની જાય. એટલે તંત્રને તો ફાયદો. સરકારને ફાયદો. રાજકીય પક્ષોને ફાયદો અને મીડિયાને પણ ફાયદો..!"

"ઓ હો હો સાહેબ, ખતરનાક ખેલ કહેવાય... ચેતવુ પડે હોં..!"

"હા ભાઈ હા. શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે જેમ પાતળી રેખા હોય છે, એમ સાચા અને ખોટા સમાચારની વચ્ચે પણ પાતળી રેખા હોય છે. સચ્ચાઈને શોધવા માટે થોડીક મહેનત કરીએ તો ભ્રમિત થવાનુ ટાળી શકીએ અને એટલે જ અફવા માનવી એ ગુનો છે અને ફેલાવવી પણ ગુનો છે."

- નિમિત્ત માત્ર



વિજયી વિશ્વ તિરંગા પ્યારા - દેશની આઝાદીની આન, બાન અને શાન સમા ત્રિરંગા પરત્વે સન્માન વ્યક્ત કરવા બાળકો તત્પર બન્યા છે... સ્વાતંત્ર્ય દિનની ઉજવણી માટે આજકાલ શાળાના બાળકો રાષ્ટ્રધ્વજ સાથેની તસવીરને ગૌરવશાળી ગણે છે... અને આ જ રાષ્ટ્રભક્તિની અભિવ્યક્તિ છે... હાથમાં તિરંગા સાથે બાળકોનો જુસ્સો અને દેશપ્રેમ ચહેરા પર વ્યક્ત થાય છે...

# શહેર-જિલ્લામાંથી ૧-૧ કેસ સ્વાઈન ફલુના મળી આવ્યા

## વધુ એક દર્દીનું સારવાર દરમ્યાન મોત : જિલ્લામાં હાલ ૧૩ દર્દી સારવાર હેઠળ છે : નવના મોત અને સાત દર્દી સાજા થતાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ છે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફલુનો વધુ એક કેસ તથા ગાંધીનગર તાલુકાના જમિયતપુરા ગામે વધુ એક પોઝીટીવ કેસ મળી આવતાં જિલ્લામાં સ્વાઈન ફલુની સંખ્યા વધીને ૪૦ થઈ છે. જેમાં જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૯ તો ગાંધીનગર મહાનગરપાલિકામાં ૧૧ કેસ થયા છે.

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુથી આજે એક દર્દીનું સારવાર દરમ્યાન મૃત્યુ થયુ છે. દહેગામ તાલુકાના દેવકરણના મુવાડાના દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયેલ જેનું સારવાર દરમ્યાન મોડી રાત્રે અવસાન થયુ છે.

આ સાથે સ્વાઈન ફલુથી મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા વધીને નવ થઈ છે. દહેગામ તાલુકામાં ત્રીજા દર્દીનું મોત થતાં તાલુકામાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. જાગાણી દહેગામના બ્લોક હેલ્થ ઓફિસર, દેવકરણના મુવાડાના મેડીકલ ઓફિસર પરીખ આજે મૃતક દર્દીના ઘરે જઈ પરિવારના સભ્યોને મળી અને શાન્તવના આપી હતી.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય

● અનુસંધાન પાન-૭ પર

# અતિવૃષ્ટિના રાહત-સહાયમાં અટવાયેલી સરકારની નાજુક બનતી આર્થિક સ્થિતિ

## ભારેથી અતિભારે વરસાદને પગલે રાજ્યનું અર્થતંત્ર લગભગ ખોરવાઈ જવાની સ્થિતિએ

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યમાં ચોમાસાના આરંભે જ થયેલા ભારેથી અતિભારે વરસાદને પગલે રાજ્યના અર્થતંત્ર પર ગંભીર અસરો પડવા પામી છે અને તે લગભગ ખોરવાઈ જવાની સ્થિતિ પર છે.

સચિવાલયના અત્યંત વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સરકારે ઘણી બધી યોજનાઓમાં ધીમી ગતિ કરવાના આડકતરા સંકેતો વિભાગોને આપી દીધા છે તો કેટલાકમાં કરકસર કરવામાં આવે તેવી વાતો પણ જણાવી દેવામાં આવી છે.

રાજ્યભરમાં થયેલા ભારેથી અતિભારે વરસાદને પગલે માર્ગો-મિલ્કતોને નુકશાન ઘણુ થયુ છે. બનાસકાંઠા જિલ્લામાં જ ૨૭ ગામોનું પુનઃ વસનનો સૌથી મોટો અને ગંભીર નિર્ણય સરકારે લીધો છે, અને આ ખર્ચ જ સરકારના અર્થતંત્રને સારી એવી અસરો કરશે તેમ મનાઈ રહ્યું છે.

સૌરાષ્ટ્રમાં પણ ભારે વરસાદને પગલે નુકશાનીના અંદાજો ઘણા મોટા સામે આવ્યા છે. કેન્દ્ર સરકારે ૫૦૦ કરોડની સહાયની જાહેરાત કરી છે. તો રાજ્ય સરકારે બનાસકાંઠા-પાટણ માટે જ ૧૫૦૦ કરોડના રાહત પેકેજની જાહેરાત કરી છે.

રાજ્યની નાણાંકીય સ્થિતિ કથળી નથી પરંતુ નાજુક બની છે તેવો એકરાર તો નાણાં વિભાગના સૂત્રો કરી રહ્યા છે.

સરકારે તાજેતરમાં પગાર સુધારણાની કરેલી જાહેરાત પછી પગાર ખર્ચમાં પણ નોંધપાત્ર વધારો થવા પામ્યો છે. જીએસટી લાગુ કરાતાં હાલ રાજ્યને આવકની જે ધારણા છે તેટલી આવક નહિ મળતી હોવાની વાતો પણ સચિવાલય સંકુલમાં કર્મચારી આલમમાં ચર્ચાનો મુદ્દો બની છે.

રાજ્ય સરકારે હાલ તેનુ ધ્યાન રાહત કામગીરી પર જે કેન્દ્રીત કર્યુ છે અને સપ્ટેમ્બર માસમાં ગરીબ કલ્યાણ મેળાઓ પણ તાલુકા કે પ્રાંત કક્ષાએ નહિ પણ જિલ્લા કક્ષાએ જ કરવાની દિશામાં વિચારણા હાથ ધરી હોવાના સંકેતો મળી રહ્યા છે.

રાજ્યમાં થયેલા ભારેથી અતિભારે વરસાદને કારણે જમીનોના ધોવાણ પછી સમતળ કરવાની કામગીરીનો પણ મોટો પડકાર સરકાર સામે છે. આ ઉપરાંત સરકાર સામે અન્ય પડકારો પણ ઘણા છે જેવી તંત્રમાં વયમર્યાદાને લઈ નિવૃત્ત થતા કર્મયોગીઓને ચુકવણીનું ભારણ પણ મોટુ છે. સરકારે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના માર્ગોને થયેલા નુકશાન માટેના અંદાજો મેળવી લીધા છે અને આ માટે બજેટમાંથી કેટલીક યોજનાઓમાં કાપ મુકી ચૂંટણી પહેલાં તેના મરામતની કામગીરી પૂર્ણ કરવાની દિશામાં પણ કવાયત હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

# શહેરમાં વન આરક્ષિત જગ્યામાં વનતંત્રએ સફાઇ ઝુંબેશ હાથ ધરી

## વરસાદી દિવસોમાં ઉગી નિકળેલા ઘાસ અને બિનજરૂરી વનસ્પિતના લીધે જીવજંતુઓનો ઉપદ્રવ વધ્યો

ગાંધીનગર, તા ૧૩

શહેરમાં વરસાદ દિવસો દરમિયાન આમ પણ સેકટરોમાં ગંદકીના ઢગ ખડકાયેલા જોવા મળી રહયા છે. નગર રોગચાળાની ગિરફતમાં આવી ગયુ છે. ત્યારે સફાઈ અનિવાર્ય બની છે. સેકટરોમાં સફાઈ ઉપરાંત વન આરક્ષિત જગ્યામાં પણ ઉગી નિકળેલી ઝાડીઓના લીધે જીવજંતુઓનો ઉપદ્રવ વધી ગયો છે. જેને ધ્યાને લઈ વનતંત્ર દ્વારા સફાઈ અભિયાન હાથ ધરાયુ છે.

શહેરમાં ભારે વરસાદના અંતે સેકટરો ગંદકીની ગિરફતમાં છે. રોગચાળાનુ જોર વધ્યુ છે. મચ્છરજન્ય રોગચાળા ઉપરાંત સ્વાઇન ફલુના કહેરથી આમ નાગરિકોમાં ફફડાટ છે. આવા સંજોગોમાં શહેરમાં સફાઈ ઝુંબેશ હાથ ધરવાની તાતિ અનિવાર્યતા છે. સેકટરોમાં વરસાદી પાણીના ખાબોચિયા વચ્ચે કચરાના ઢગ ખડકાયા છે. જાહેર સ્થળો પર પણ ગંદકી હઠીલી બની છે. મચ્છરોના ઉત્તપત્તિ સ્થાનો વધી ગયા છે. જયારે શહેરમાં પથરાયેલી વનરાજીના લીધે જીવજંતુઓનો ઉપદ્રવ વધી ગયો છે. શહેરના મુખ્ય માર્ગો ઉપરાંત સેકટરોના આંતરિક માર્ગો આસપાસ હરિયાળા વૃક્ષોની આસપાસ ઘાસ અને બિનજરૂરી વનસ્પિતઓ ઉગી નિકળી છે. જે હરિયાળી માટે પણ નુકશાન કારક છે. ત્યારે વનતંત્ર દ્વાર ચોમાસા ના પ્રારંભે નવા રોપાઓની વાવણી પુર્ણ કરી દેવાયા બાદ હવે વળતા ચોમાસે જંગલી ઝાડીઓને કાપવાનુ કામ આરંભી દેવાયુ છે. વનઆરક્ષિત જગ્યાએ સફાઈ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પશુપાલન અધિકારી બદલાયા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના પશુપાલન અધિકારી ડૉ. એસ.ડી. પટેલની ગૌ સેવા આયોગના સભ્ય સચિવ તરીકે બદલી કરવામાં આવી છે.

તેમની સ્વ વિનંતીથી ખાલી પડેલી આ જગ્યા પર નિમણુંક કરાઈ છે. રાજ્યના પશુપાલન વિભાગ દ્વારા ૫૦ જેટલા પશુપાલન વિભાગના અધિકારીઓની બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે.

ડૉ. એસ.ડી. પટેલના સ્થાને ડૉ. આર.વી. પ્રજાપતિની નિમણુંક કરવામાં આવી છે. તેઓ પશુ જૈવિક સંસ્થામાં સેવાઓ આપતા હતા.

# રહેણાંકની દૃષ્ટીએ કંગાળ આવાસો વસાહતીઓ ઝડપથી ખાલી કરતા નથી

## સેકટરોમાં અન્ય આવાસો જોખમી હોવાનુ ધ્યાને આવ્યા બાદ તંત્ર માટે આવાસો ખાલી કરાવાનુ કામ શિરદર્દ સમાન

ગાંધીનગર તા ૧૩

શહેરના સરકારી આવાસો પૈકી મોટાભાગના ભયજનક હાલતમાં છે. જયારે નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હજુ પણ ભયજનક બ્લોક તબક્કાવાર તોડી નાંખવાનુ કામ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી રહયુ છે. પરંતુ સેકટરોમાં નિકાલ હેઠળના આવાસો તોડી નાંખવાનુ નક્કી થયા બાદ તંત્ર દ્વારા આ આવાસો ખાલી કરવાનુ કસોટીરૂપ પુરવાર થયુ છે. વર્ષોથી બ્લોકમાં રહેતા વસાહતીઓ મકાન ખાલી કરવાનુ પસંદ ન કરતા તંત્ર માટે શિરદર્દ ઉભો થયો છે. આવા સંજોગોમાં કંગાળ આવાસો તોડવાની કામગીરી પણ મંદ ગતિએ ચાલી રહી છે.

શહેરમાં દોઢ દાયકા પુર્વે વિવિધ સેકટરોમાં ભયજનક માલુમ પડતા ૧૯૦૪ જેટલા આવાસોને નિકાલ હેઠળના જાહેર કરવામાં આવ્યા હતા. જયારે આ નિકાલ હેઠળના મકાનો તોડવા માટે એક દાયકા જેટલો લાંબો સમય વિતી ગયા બાદ આખરે આ મકાનો તોડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જયારે હાલ નિકાલ હેઠળના મકાનો તોડી નંખાયા બાદ નવા કોર્પોરેટ લુક ધરાવતા નવા આવાસો પણ તૈયાર કરી દેવાયા છે. જયારે હજુ સે-૨૯ અને ૩૦ માં નવા આવાસો બાંધવાનુ કામ ચાલુ છે. જયારે અન્ય ઠેકાણે પણ નવા આવાસો બાંધવા માટે તંત્ર દ્વારા સર્વે હાથ ધરી સ્થળ પસંદગી કરવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. બીજીતરફ સેકટરોમાં નવા મકાનો તૈયાર કરવા માટે દાયકાઓ જુના સરકારી આવાસો તોડવા માટે સર્વે હાથ ધરવામાં આવ્યો હતો.જેના અંતે સેકટરોમાં હજુ અન્ય ૩૦૦ મકાનો રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય ન હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. આવા સંજોગોમાં આ મકાનો પૈકી સે-૨૨,૧૬ અને સે-૬ ના કેટલાક આવાસો તોડી નાંખવા માટે પણ મંજુરી આપી દેવામાં આવી છે. જયારે સે-૬ માં નવા આવાસો બાંધવા માટેની ગતિવિધિઓ પણ હાથ ધરવામાં આવી છે. રહેણાંકની દ્રષ્ટીએ ભયજનક આવાસો હોય તેવા મકાનો તોડવા માટે તંત્ર દ્વારા ટુંકમાં કામગીરી શરૂ કરવામાં આવશે. પરંતુ કેટલાક ઠેકાણે વસાહતીઓ વર્ષોથી એક જ જગ્યાએ રહેતા હોવાથી આવાસો ખાલી કરતા નથી. જેથી તંત્ર માટે આવાસો તોડવાનુ કામ હાલ શિરદર્દ સમાન બન્યુ છે. આવાસો તોડવાની કામ વિલંબમાં પડયુ છે.



ગ્રીન ગાંધીનગરની ઝલક - ગાંધીનગરના પ્રવેશદ્વાર સમા ઈન્ફોસીટીથી રિલાયન્સ ચોકડી વચ્ચેના માર્ગની સેન્ટ્રલ વર્જમાં વિકસાવેલ હરિયાળી નયનરમ્ય લાગે છે... સમયાંતરે ટ્રીમીંગ કરાતા એની જાળવણી પણ આંખે ઉડીને વળગે છે... કાશ, શહેરના બધા જ માર્ગો આ જ રીતે જળવાય તો સાચા અર્થમાં ગ્રીન ગાંધીનગર બને...


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેકટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com